Marengo CIMS Hospital

# CIMS NEWS
# CARE & CURE

Price : ₹ 5/-

Volume-15 | Issue-168 | July 25, 2024



CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-168 | July 25, 2024

Marengo CIMS Hospital

## શું આપને ખ્યાલ છે કે વિશ્વમાં જન્મ લેતા દર 100 બાળકોએ એક બાળકને જન્મજાત હૃદયની બીમારી હોય છે?



ડૉ મિલન ચગ

MD, DM (Cardiology),
DNB (Cardiology)
FACC (Fellow of American College of Cardiology)
Interventional Cardiologist Heart Failure and Heart Transplant Cardiologist

+91 98240 22107
milan.chag@cims.me

**શું આ બાળકોનું નિદાન અને સારવાર થતી હોય છે? આ બીમારી જીવલેણ હોય છે?**

કમનસીબી છે કે આપણા દેશમાં દર વર્ષે જન્મેલાં આ બે લાખ હૃદયની બીમારી સાથે ના બાળકોમાંથી ફક્ત 5000 બાળકોનું સમયસર નિદાન અને ઉપચાર થતો હોય છે. તેનું મુખ્ય કારણ માતા-પિતા તેમજ સમાજ- આ રોગનાં લક્ષણો વિશેની જાણકારીથી અજ્ઞાત હોય છે. જો આ બીમારીનું નિદાન જન્મ પછીના કેટલાક દિવસોમાં જ ન થઈ શકે તો. 33 ટકા બાળકો એક વર્ષની ઉંમર પહેલાં મૃત્યુ પામતાં હોય છે.

**જન્મજાત હૃદયની બીમારીના લક્ષણો ક્યા છે? એમાં કયા બાળકને તેમનાં માતા-પિતાએ તુરંત ડોક્ટર પાસે તપાસ અર્થે લઈ જવા જોઈએ?**

દરેક માતાપિતા અથવા ફેમિલી ડોકટર કે બાળરોગ નિષ્ણાતને જો નીચેનાં લક્ષણો બાળકમાં જોવા મળે તો તે બાળકને નિષ્ણાત પાસે વધુ તપાસ માટે મોકલવું જોઈએ.

> શ્વાસ ઝડપથી લેવો.

- બાળક પુરતા પ્રમાણમાં સ્તનપાન ન કરી શકતું હોય.

- બાળક ભૂરું કે વાદળી થતું હોય અથવા વધુ પડતું નિસ્તેજ અને ફીક્કું દેખાતું હોય

> વધુ પડતી ખાંસી આવતી હોય. વધુ પડતો પરસેવો પડતો હોય, ખાસ કરીને ખવડાવતી વખતે

> બાળક વધુ પડતું રડતું હોય.

- બાળકનું વજન ન વધતું હોય અથવા તેની શારીરિક કે માનસિક વિકાસ ધીમો હોય.

**આ જન્મજાત હૃદયની બીમારી કયા પ્રકારની હોય છે? અને શું દરેક કેસમાં ઓપરેશન જ કરાવતું પડે છે?**

સામાન્ય રીતે આ જન્મજાત બીમારીમાં વાલ્વ સાંકડો હોય, ક્યારેક હૃદયનાં બે કર્ણક કે ક્ષેપક વચ્ચેની દીવાલમાં છિદ્ર હોય, અથવા હૃદયમાંથી લોહી લઈ જતી કે લોહી લઈ આવતી ધમની કે શીરા સામાન્ય કરતાં બીજી જગ્યાએ જોડાયેલી હોય અથવા તેનો વિકાસ ન થયો હોય.

આમાંની દરેક બીમારીમાં ઓપરેશન જરૂરી નથી. સાંકડા વાલ્વ કે નસને વગર ઓપરેશને બલૂન એન્જિયોપ્લાસ્ટીથી પહોળા કરી શકાય છે. તે જ રીતે કર્ણક કે ક્ષેપક વચ્ચેની પડદાના છિદ્રને પણ બટન કે છત્રી જેવા સાધનોથી વગર ઓપરેશને બંધ કરી શકાય છે જેમાં કશી કાપકૂપ કે ટાંકા વગર બાળક સ્વસ્થ થઈ જાય છે અને બે દિવસમાં હોસ્પિટલમાંથી રજા મળી જતી હોય છે.

**સામાન્ય રીતે શું આ રોગની સારવાર માટે બાળકનું વજન 10 કિગ્રા કે ઉંમર 5 વર્ષથી વધુ હોવી જરૂરી છે?**

ના, આ એક અત્યંત ગંભીર ગેરમાન્યતા છે. કોઈપણ બાળકને તેના રોગની ગંભીરતા અનુસાર સારવાર અપાતી હોય છે. ભલે બાળક એક દિવસનું હોય કે 2 કિલોગ્રામ વજન ધરાવતું હોય. જરૂર કરતાં વધુ મોડું કરવાથી બાળકની બિમારી અસાધ્ય બની શકે છે. અને બાળક મૃત્યુ પણ પામતું હોય છે.

**આ રોગનું કારણ શું? તેનું વહેલું નિદાન કેવી રીતે થઈ શકે? કુટુંબમાં એક બાળકને આ બીમારી હોય તો બીજા બાળકને આ બીમારી થવાની શક્યતા ખરી? શું બીમારી વારસાગત છે?**

મોટાભાગના કેસમાં આ એક કુદરતી રીતે થતી બીમારી છે. અમુક કેસમાં રંગસૂત્રોની બીમારી કે ગર્ભાવસ્થામાં કોઈ વાયરસનો ચેપ લાગવાથી કે અમુક દવાઓની આડઅસરથી પણ આ બીમારી થઈ શકે છે. આ બીમારીનું સમયસર નિદાન માતા-પિતા પ્રાથમિક સારવાર આપતા ડોકટરોની સજાગતા અત્યંત જરૂરી છે. આ લોકોને રોગના પ્રાથમિક લક્ષણો વિશે માહિતગાર રાખવા જોઈએ અને તેની જાણ થતા તુરંત હૃદયરોગ નિષ્ણાતની સલાહ લેવી જોઈએ. જો કુટુંબમાં એક બાળકને આ બીમારી હોય તો બીજા બાળકને આ બીમારી થવાની શક્યતા 2થી 3 ટકા જેટલી હોય છે. આવા કેસમાં બીજા બાળકના જન્મ પહેલાં 18થી 20 અઠવાડિયાંની ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભ રહેલા શિશુની ઇકોકાર્ડિયોગ્રાફીની તપાસ દ્વારા નિદાન થઈ શકતું હોય છે.



JCI (USA) NABL ACC

CIMS NEWS CARE & CURE

Volume-15 | Issue-168 | July 25, 2024

Marengo CIMS Hospital

# સ્થૂળતા (મોટાપા) અને ડાયાબિટીસના ઉકેલો દ્વારા જીવનનું પરિવર્તન કરે છે



**ડૉ રિકિન શાહ**

MBBS, DNB (F.Medicine), FCCS (USA)
Fellowship in Diabetes (UK)
Consultant Medicine

+91 88667 93437
rikin.shah@marengoasia.com

અમદાવાદના સાયન્સ સિટી રોડ, S.G. હાઈવે નજીક આવેલા MARENGO CIMS હોસ્પિટલ- ડાયાબિટીસ એન્ડ ઓબેસિટી સુપર-સ્પેશિયાલિટી સેન્ટર ખાતે,અમારી યાત્રા એક ઊંડા વ્યક્તિગત મિશન સાથે શરૂ થઈ હતી. અનિયંત્રિત ડાયાબિટીસ અને સ્થૂળતા સાથે તેની કમજોર ગૂંચવણો સામે લડતા મારા દાદા-દાદીના સંઘર્ષના સાક્ષીએ મારી અંદર એક ઉત્સાહી નિશ્ચય પ્રજ્વલિત કર્યો. મેં પ્રતિજ્ઞા લીધી કે કોઈ પણ ભારતીયે આ રોગો અને તેની સાથે સંકળાયેલી સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે કિડની ફેલ્યોર, હાર્ટ એટેક, ન્યુરોપથી અને રેટિનોપેથીને કારણે દ્રષ્ટિની ખોટ સહન કરવી જોઈએ નહીં.

છેલ્લાં 12 વર્ષથી, મારી સમર્પિત ટીમ અને હું આ સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ છીએ, જેમાં શ્રેષ્ઠ ડાયાબિટીસ નિયંત્રણ હાંસલ કરવા અને તેની જટિલતાઓને રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અમારી નવીન FFD (ફુલ-ફ્લેજ્ડ ડાયાબિટીસ) ટેકનિક દ્વારા, અમારા ઘણા દર્દીઓએ ડાયાબિટીસના નોંધપાત્ર ફેરફારોનો અનુભવ કર્યો છે, જે તેમને નવી આશા અને જીવનશક્તિ પ્રદાન કરે છે.

અમારા અદ્યતન ડાયાબિટીસ મેનેજમેન્ટ અભિગમ ઉપરાંત, અમે આરોગ્ય પૂરક અને અદ્યતન તકનીકોની વ્યાપક શ્રેણીથી સજ્જ એક અત્યાધુનિક સ્થૂળતા(વધારે વજન) યુનિટની સ્થાપના કરી છે. અમારા હોલિસ્ટિક વેઈટ મેનેજમેન્ટ સોલ્યુશન્સમાં શરીરની ચરબી ઘટાડવા માટે નવીનતમ કોરિયન ટેક્નોલોજી, U LIPO અને જાપાનીઝ કસરત મશીનોનો સમાવેશ થાય છે, જે પૂર્ણ-સમયના આરોગ્ય કોચના માર્ગદર્શન દ્વારા પૂરક છે.

કુદરતી, હર્બલ અને આયુર્વેદિક ઘટકોમાંથી બનાવેલ અમારા અનોખા વજન ઘટાડવાના ઉત્પાદનો બજારમાં પરંપરાગત ઓફરોથી અલગ છે. પ્રતિબંધિત આહાર અથવા સખત કસરતની જરૂરિયાત વિના ચયાપચયને સક્રિય કરવા માટે રચાયેલ, અમારા ઉત્પાદનો માત્ર સલામત અને અસરકારક જ નથી પણ વજનમાં વધારો થવાના જોખમ વિના ટકાઉ વજન ઘટાડવાની પણ ખાતરી આપે છે.

યુવા પેઢીના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ઊંડી ચિંતા દ્વારા પ્રેરિત, 18 વર્ષની વયના કિશોરોને સ્થૂળતા(વધારે વજન) -પ્રેરિત ડાયાબિટીસ સાથે ઝઝૂમતા જોવાથી આપણા રાષ્ટ્ર માટે તંદુરસ્ત ભવિષ્યને પ્રોત્સાહન આપવા માટેની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. આરોગ્યસંભાળમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીની મહત્ત્વની ભૂમિકાને ઓળખીને, અમારી હોસ્પિટલ અદ્યતન આયાત કરાયેલા કોરિયન અને જાપાનીઝ સાધનોથી સજ્જ છે, જેમાં ક્રાંતિકારી U LIPO મશીનનો સમાવેશ થાય છે, જે તેની બિન-આક્રમક, પીડારહિત અને અત્યંત અસરકારક ચરબી ઘટાડવાની ક્ષમતાઓ માટે પ્રખ્યાત છે.

જ્યારે આપણે એશિયા અને વિશ્વમાં ડાયાબિટીસ અને સ્થૂળતા(વધારે વજન) ના સૌથી વધુ દરો સાથે ઝઝૂમી રહેલા દેશમાં ઊભા છીએ, ત્યારે આ પ્રચલિત રોગો સામે લડવાનો અમારો સંકલ્પ અટલ છે. અમદાવાદમાં S.G. હાઈવેના પ્રીમિયમ લોકેલમાં સ્થિત, અમારી હોસ્પિટલ પૂરતી પાર્કિંગ જગ્યા અને કર્મચારીઓની સમર્પિત ટીમ ધરાવે છે, જે કન્સલ્ટેશન રૂમ, E C G સેવાઓ, ફૂટ લેબ, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ સહિતની અત્યાધુનિક સુવિધાઓ દ્વારા સમર્થિત છે.

MARENGO CIMS હોસ્પિટલમાં, અમારું મિશન વ્યક્તિગત દર્દીની સંભાળથી આગળ છે; તે આપણા રાષ્ટ્રની ભાવિ પેઢીઓના સ્વાસ્થ્ય અને જીવનશક્તિની સુરક્ષા માટેના સામૂહિક પ્રયાસને સમાવે છે. બધા માટે સ્વસ્થ, સુખી આવતીકાલની અમારી શોધમાં અમારી સાથે જોડાઓ.

Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ અમદાવાદમાં વર્લ્ડ સિઝોફ્રેનિયા ડેની ઉજવણી થઈ: વહેલાસર નિદાન અને ઉચિત સારવાર માટે અપીલ કરવામાં આવી



**ડૉ મુકેશ શર્મા**
MBBS, MD, DM (Neurology)
Fellowship in Neurointervention
Director of Neurointervention and Stroke
+91 93754 88882
mukesh.sharma@marengoasia.com

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ અમદાવાદમાં વર્લ્ડ સિઝોફ્રેનિયા ડે (વિશ્વ સિઝોફ્રેનિયા દિવસ)ની ઉજવણી થઈ હતી, જેમાં આ બિમારીને દૂર કરવા એનો સ્વીકાર કરવા અને આ માટે શરમસંકોચ છોડીને તેની સામે લડવા વિશે જાગૃતિ લાવવાની એક મહત્વપૂર્ણ અપીલ કરવામાં આવી હતી. દુનિયા 24 મે, 2024ના રોજ વર્લ્ડ સિઝોફ્રેનિયા ડે (વિશ્વ સિઝોફ્રેનિયા દિવસ)ની ઉજવણી કરવા સજ્જ હોવાથી હોસ્પિટલ સિઝોફ્રેનિયાથી પીડિત વ્યક્તિઓ માટે જાગૃતિ વધારવા અને ટેકો આપવા વૈશ્વિક સમુદાય સાથે જોડાઈ હતી.

ચાલુ વર્ષે વર્લ્ડ સિઝોફ્રેનિયા ડે (વિશ્વ સિઝોફ્રેનિયા દિવસ) "સેલિબ્રેટિંગ ધ પાવર ઓફ કમ્યુનિટી કાઇન્ડનેસ એટલે કે સામુદાયિક ભલાઈની ક્ષમતાની ઉજવણી"ની થીમ સાથે વિશેષ મહત્વ ધરાવે છે. અત્યારે સિઝોફ્રેનિયાનાં દર્દીઓ અને તેમની સારસંભાળ રાખતાં લોકોને ફરી સક્ષમ બનાવવાનો તેમજ જીવનમાં સતત સુધારો લાવતા સંશોધન અને સારવારનાં વિકલ્પોમાં આગળ વધવાનો સમય છે. દુનિયાભરમાં સિઝોફ્રેનિયા પીડિત દર્દીઓની સાથે તેમનાં પરિવારજનો અને સમુદાયોને પણ અસર કરે છે.આ પડકારો હોવા છતાં સમાજ ઘણી વાર સિઝોફ્રેનિયાને માનસિક અસંતુલનની સ્થિતિ તરીકે જોવાનું વલણ જળવાઈ રહ્યું છે, જેથી આ બિમારી જાહેર કરવામાં લોકો શરમસંકોચ અનુભવે છે.

સિઝોફ્રેનિયા એક માનસિક બિમારી છે, જેમાં મગજનાં ખાસ ભાગોમાં ચોક્કસ રસાયણોનું અસંતુલન પેદા થાય છે. આ અસંતુલન વ્યક્તિનાં વિચારો, કાર્યો અને લાગણીઓ વચ્ચે સંકલનનો અભાવ પેદા કરી શકે છે.એક સામાન્ય ખોટી ધારણા એ છે કે, સિઝોફ્રેનિયાથી પીડિત વ્યક્તિ ખંડિત વ્યક્તિત્વ (સ્પ્લિટ પર્સનાલિટી) ધરાવે છે, જે સંપૂર્ણપણે ખોટી વાત છે. સિઝોફ્રેનિયાથી પીડિત વ્યક્તિઓ અન્ય દરેકની જેમ એક જ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવે છે. સામાન્ય રીતે એનાં ચિહ્નો છે – અવ્યવસ્થિત વિચારો, ભ્રામક વિચારો અને મતિભ્રમ.

સિઝોફ્રેનિયાનું કારણ હજુ સંપૂર્ણપણે સમજાયું નથી અને આ સમસ્યાથી પીડિત દર્દીઓની સારવાર કરતાં ડૉક્ટર્સ માટે પણ હજુ એક જટિલ કે ન સમજાય એવી બિમારી છે. જોકે આ બિમારી આનુવંશિક, આસપાસનાં વાતાવરણ અને ન્યૂરોબાયોલોજિકલ પરિબળોનાં સમન્વયનું પરિણામ હોવાનું માનવામાં આવે છે. સિઝોફ્રેનિયાની ફેમિલી હિસ્ટ્રી ધરાવતી વ્યક્તિમાં આ બિમારી વિકસવાનું જોખમ વધારે છે. ન્યૂરોટ્રાન્સમિટર્સમાં અસંતુલન અને મગજનાં માળખામાં અસામાન્યતા પણ આ બિમારી માટે જવાબદાર હોઈ શકે છે. ઉપરાંત આઘાતજનક અનુભવો કે લાંબો સમય તણાવ પણ આ બિમારીનું જોખમ ધરાવતી વ્યક્તિઓમાં એનાં ચિહ્નોને વેગ આપી શકે છે.

સિઝોફ્રેનિયા વ્યક્તિઓ, પરિવારો અને સંપૂર્ણ સમાજને મોટી અસર કરે છે. દર્દીઓ દ્વારા અનુભવવામાં આવતાં ચિહ્નો અવારનવાર સામાજિક એકલતા, રોજગારી મેળવવામાં મુશ્કેલી, શારીરિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ અને સરેરાશ આયુષ્યમાં ઘટાડા સ્વરૂપે જોવા મળે છે.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ અમદાવાદનાં સીનિયર કન્સલ્ટન્ટ ન્યૂરોલોજિસ્ટ ડૉ. મુકેશ શર્માએ કહ્યું હતું કે, "અમે સિઝોફ્રેનિયાથી પીડિત વ્યક્તિઓ અને તેમનાં પરિવારજનોને સક્ષમ બનાવવા અને ટેકો આપવા પ્રતિબદ્ધ છીએ. અમારી થીમ સિઝોફ્રેનિયાથી પીડિત લોકોને મદદ કરવામાં સમુદાયની ચાવીરૂપ ભૂમિકા પર પ્રકાશ ફેંકવાની છે, જે અંતર્ગત સમજણ અને સંવેદના વધારવા અમે જાગૃતિ સેમિનારોનું આયોજન, જાહેર જાગૃતિ અભિયાનો, ટેકારૂપ જૂથ બેઠકોનું આયોજન કરીએ છીએ અને કળાત્મક અભિવ્યક્તિ સાથે તેનું સરળતાથી સમજાય એ રીતે પ્રદર્શન કરીએ છીએ. આ જાગૃતિ અભિયાનો, શૈક્ષણિક કાર્યક્રમો અને સંવેદના લાવવા માટેનાં પ્રયાસો મારફતે અમારો ઉદ્દેશ આ માનસિક બિમારીથી પીડિત લોકો અંગે જાગૃતિ વધારવાનો અને તેમને સંસાધનો પ્રદાન કરવાનો છે. અમે વર્લ્ડ સિઝોફ્રેનિયા ડે (વિશ્વ સિઝોફ્રેનિયા દિવસ) માટે જરૂરી કામગીરી લેવા અપીલ કરી છે, જેથી સુનિશ્ચિત થાય કે સિઝોફ્રેનિયાથી પીડિત વ્યક્તિઓને ગુણવત્તાયુક્ત જીવન મળે, જેનાં તેઓ હકદાર છે. વળી રાષ્ટ્રીય આગેવાનો અને નીતિનિર્માતાઓએ આ બિમારીની

પરિવારજનો પર મહત્વપૂર્ણ અસરને ધ્યાનમાં લેવી જરૂરી છે, જેથી આ બિમારી સાથે સંબંધિત પડકારોનું સમાધાન કરવા વ્યૂહરચનાઓ અને નીતિઓ બનાવી શકાય."

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ અમદાવાદનાં રિજનલ ડાયરેક્ટર ગૌરવ રેખીએ કહ્યું હતું કે, "ચાલુ વર્ષનું અભિયાન સિઝોફ્રેનિયાથી પીડિત વ્યક્તિઓ માટે સંવેદનશીલતા અને સાથસહકાર વધારવાનો, વહેલાસર નિદાન અને સારવાર કરાવવા પ્રોત્સાહન આપવાનો, તેમજ જાહેર જનતા, હેલ્થકેર વ્યવસાયિકો અને નીતિનિર્માતાઓ વચ્ચે જાગૃતિ લાવવાનો છે. આ રીતે હેલ્થકેર વ્યવસાયિકોને સિઝોફ્રેનિયાથી પીડિત લોકો માટે વધારે સારસંભાળ અને સેવાઓ પ્રદાન કરવા અદ્યતન સંશોધન અને સારવારો પર જાણકાર રહેવા પ્રોત્સાહન મળે છે. આરોગ્ય અને સુખાકારીનાં વ્યાપક અવકાશની અંદર દર્દીની સારવાર માટે મહત્વપૂર્ણ આનુવંશિક ઘટક સાથે બિમારીને પ્રાથમિકતા આપવી મહત્વપૂર્ણ છે. આ વર્લ્ડ સિઝોફ્રેનિયા ડે (વિશ્વ સિઝોફ્રેનિયા દિવસ) પર અમારો ઉદ્દેશ સામુદાયિક સમજણનાં અનેક ફાયદા પર પ્રકાશ પાડવાનો છે તેમજ આ બિમારીનાં ચિહ્નો, કારણો અને પરિણામોથી પીડિત વ્યક્તિઓ અને તેમનાં પરિવારજનોને ટેકો આપવાનો છે."

દર વર્ષે 24 મેને વર્લ્ડ સિઝોફ્રેનિયા ડે (વિશ્વ સિઝોફ્રેનિયા દિવસ) તરીકે ઉજવવામાં આવે છે, જે આ માનસિક વિકાર વિશે ખોટી ધારણાઓ અને ડરને પડકારવાની મહત્વપૂર્ણ તક આપે છે. આ દિવસની ઉજવણી કરવાનો ઉદ્દેશ સિઝોફ્રેનિયા વિશે જાગૃતિ વધારી તથા શ્રેષ્ઠ સેવાઓ અને સાથસહકાર આપીને બિમારીથી પીડિત લોકોનાં જીવનની ગુણવત્તા સુધારવાનો છે. સિઝોફ્રેનિયા ગંભીર માનસિક બિમારી છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ, દુનિયાભરમાં 21 મિલિયનથી વધારે લોકો એનાથી પીડિત છે. સામાન્ય રીતે સિઝોફ્રેનિયાની શરૂઆત 15થી 25 વર્ષની વય વચ્ચે થાય છે, તેમ છતાં 5 વર્ષની નાની વયે એનાં ચિહ્નો જોઈ શકાય છે.



CIMS NEWS CARE & CURE
Volume-15 | Issue-168 | July 25, 2024

Marengo CIMS Hospital

એક હૃદય

એક જીવન
એક મંઝિલ

કાર્ડિયાક સાઇન્સ
મૈરિંગો સિમ્સ હોસ્પિટલ

# 1st નોન-સર્જિકલ ડબલ વાલ્વ રિપ્લેસમેન્ટ



## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ

**TMVR+TAVR** રોગગ્રસ્ત વાલ્વ બદલવા માટેની સર્જરી

## મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં

# સ્પાઇરલ કેથેટર (Medtronic) દ્વારા ગુજરાતની પ્રથમ RDN થેરાપી



**2014થી RDN પ્રોસિજરમાં બહોળા અનુભવ સાથે ભારતમાં પ્રથમ માંથી એક**

પ્રતિરોધક હાઈ બ્લડ પ્રેશર (જે દવાઓથી ઓછું થતું નથી), માટે મિનિમલી ઈન્વેસિવ પ્રોસિજર જે કિડનીમાં ચેતાઓની ગતિવિધિ ઘટાડવા માટે રેડિયો ફ્રીક્વન્સીનો ઉપયોગ કરે છે, જેથી બ્લડ પ્રેશરમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
Email: marengocims.info@marengoaisa.com

JCI (USA) ACC

For emergency or appointment,
**1800 309 9999**

Marengo CIMS Hospital

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
# કેશલેસ સેવાઓ
## હવે ઉપલબ્ધ



જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત
અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ

## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોકસ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીક્લેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફકો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

*** ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants

- Heart
- Liver
- Kidney
- Lung
- Paediatric BMT

JCI (USA) NABL ACC

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100

Published 25th of every month

Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025

issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month

Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025



**If Undelivered Please Return to**

**Marengo CIMS Hospital**

Nr. Shukan Mall, Off Science City Road,

Sola, Ahmedabad-380060.

**Call : 1800 309 9999**



**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription


## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેશ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.



**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિઃશુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેશ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.